**Shikshan Sanshodhan** : Journal of Arts, Humanities and Social Sciences ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 7.384
Volume - 8, Issue - 4, April - 2025

DOIs:10.2018/SS/202504007 --:-- Research Paper / Article / Review

# લોકગીત : વિભાવના અને સ્વરૂપ

**ડૉ. રવિકુમાર આર. વસાવા**
**આસિસ્ટન્ટ પ્રોફેસર, બી વી ડી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બાપુનગર, અમદાવાદ**
Email - ravikumarvasava@gmail.com

**1. પ્રસ્તાવના :**

લોકગીત એટલે લાકકંઠે સ્વયંભૂ ઉદ્દભવેલ નિજાનંદ મસ્તીનું સંગીત. જ્યાં લોકો હોય, લોકોનું જીવન હોય ત્યાં લોકોનું સંગીત પણ હોય. આ રીતે લોકગીતનો પ્રાદુર્ભાવ થયો હશે. ગુર્જરનારી પોતાના જીવનનું ઉજળું અને ઘેરું ઉભય પ્રકારનું આલેખન કરવા તેમજ સુખ-દુઃખ અને પોતાના હૃદયને હળવું કરવા લોકગીતનો સહારો લીધો હશે એમ કહી શકાય.

પશ્ચિમના લોકસાહિત્યના અભ્યાસીઓએ લોકગીતને માનવ હૃદયમાંથી ઉદ્દભવેલું ને સહજભાવે સ્ફૂરેલું સંગીત કહ્યું છે. આમ, પાશ્ચાત્ય વિદ્વાનોએ લોકગીતને સ્વયંસ્ફુરિત 'સંગીત'ની જે સંજ્ઞા આપી છે તે બરોબર છે, પરંતુ મનોભાવોના સહજ સ્ફુરણોના પ્રભાવનો પણ એમાં વિચાર કરવો પડશે. માણસ શિષ્ટ હોય કે અશિષ્ટ હોય, સંસ્કૃત હોય કે અસંસ્કૃત, ભણેલો હોય કે અભણ હોય પણ એના હૃદયની ભાવનાઓને વ્યક્ત કરવાની તેની ઈચ્છા હોય છે. ભાવનાઓની રાગાત્મક ક્રિયા લયપૂર્ણ બનીને ગીતનું સ્વરૂપ ધારણ કરે છે. આથી એમ કહી શકાય કે લોકજીવનનાં અવ્યક્ત મનમાંથી, અચિંત્યરૂપથી અનાયાસે ઉદ્દભવતા મનોભાવોની લયાત્મક અભિવ્યક્તિ તે લોકગીત. લોકકંઠે જીવતું અને લોકજીભે રમતું આ લોકસાહિત્ય કાળે કાળે શાસ્ત્રોમાં, પુરાણોમાં, બૃહત્કથાઓમાં, નાટ્યોમાં ને નવલકથાઓ સુધી સંઘરાતું ને સ્થાન પામતું જ રહ્યું છે. સભાનપણે ખેડાયેલું શિક્ષિતોનું સાહિત્ય, કલાપ્રવૃત્તિ કે જ્ઞાનપ્રવૃત્તિ આ લોકસાહિત્યમાંથી પ્રેરણા લઈને રચાયેલ છે. શ્રી કાકાસાહેબે કહ્યું છે, "લોકગીત એ સાહિત્યનું મૂળધન કહેવાય. લોકવાર્તા જેમ ઇતિહાસ, પુરાણ અને નવલકથા ઈત્યાદિ અભિજાત સાહિત્યનો ઉગમ છે તેમ લોકગીતો એ ખંડકાવ્ય અને મહાકાવ્ય, વીણાકાવ્ય, ચારણકાવ્ય, નાટક અને ચમ્પુ – દરેક રસાત્મક કૃતિનું મૂળ છે."

લોકગીતો દુઃખોને હળવા કરવાની અમોઘ શક્તિ અર્પે છે. કન્યા પરણીને વિદાય લે છે ત્યારે આ ગીતો જ માવતરના અને પરિવારનાં દુઃખોને હળવા કરીને દુઃખમાં પણ આનંદનો અનુભવ કરાવે છે. ઉત્સવો અને શુભ પ્રસંગે આનંદનો હોજ છલકાવે છે. સાંસારિક દુઃખોને સહ્ય આ ગીતો એજ બનાવ્યા છે. આથી જ શ્રી જયમલ્લ પરમાર કહે છે, "સુખ અને દુઃખ, આશા અને નિરાશા, આનંદ અને ઉલ્લાસની ડુંગરમાળમાંથી પ્રગટેલી એ આપણી લોકભાગીરથી છે. લોકગીતોએ જીવનની આનંદ-મંગળ ભાવનાઓને વ્યક્ત કરી છે. એમ જીવનની ઘેરી વિષાદમય વાસ્તવિકતાને પણ વિસારી નથી."

રાજસ્થાનની વિદ્વાન ત્રિપુટી શ્રી રામસિંહજી ઠાકુર, શ્રી સૂર્યકરણજી પારીખ અને શ્રી નરોત્તમદાસ સ્વામીએ લખ્યું છે કે : "લોકગીતો તો દેશના આત્માનાં પરિચાયકો છે. લોકગીતોમાં દેશનું ચરિત્ર, લોકોના મનોભાવ અને માનવજાતિની પ્રતિભા ભરી છે. માનવજીવનની, એના ઉલ્લાસની, ઉમંગોની, રૂદનની, સમસ્તની કહાણી આ

ગીતોમાં અંકિત છે. ખબર નથી કે કેટલો કાળ ચીરીને એ ચાલ્યાં આવે છે. કાળનો વિનાશકારી સ્વભાવ એને જરીકે બગાડી શક્યો નથી. સર્વલક્ષી કાળના એને મિટાવી દેવાના પ્રયત્નોની નિષ્ફળતા પર હસતાં આ ગીતો જનતાની જીભ ઉપર નાચી રહેલ છે. કાળ ખિજાય છે, એને ભાંગે છે, મરડે છે, પણ મિટાવી નથી શકતો. કાળાંતરમાં એનાં બાહ્ય સ્વરૂપો બદલાય છે, ભાષાનું આવરણ ધીરે ધીરે બદલાય છે, પણ ભીતરી પ્રાણતત્ત્વમાં કંઈ ફરક પડતો નથી.''

લોકસાહિત્યના પ્રખર સંશોધક અને સંપાદક શ્રી ઝવેરચંદ મેઘાણી લોકગીતની વ્યાખ્યા આપતાં નોંધે છે કે, ''જેના રચનારાએ કદી કાગળ અને લેખણ પકડ્યાં નહિ હોય, રચનારાં કોણ તેની જ કોઈને ખબર નહિ હોય, અને પ્રમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વિંધીને આ સ્વરો ચાલ્યા આવે છે તેનીય કોઈ ભાળ નહિ લઈ શક્યું હોય એનું નામ લોકગીત.'' આમ, લોકગીત એ માનવજાતની સાહજિક અને મૂલ્યવાન આત્મીય મોંઘી જણસ છે. એમ નિઃશંકપણે કહી શકાય. સામાન્ય રીતે ગવાય તે લોકગીત એમ કહેવાય છે, પરંતુ જયમલ્લ પરમાર કહે છે : લોકગીત મૌખિક પરંપરા છે. એમાં બહુજન સમાજની ચેતના રહેલી છે. એ અજ્ઞાત વ્યક્તિ કે વ્યક્તિઓ દ્વારા પરિવર્તન પામતાં રહી સામુદાયિક અભિવ્યક્તિનો ઘાટ પકડતાં જાય છે. લોકગીત એ સંવેદનપ્રેરિત માનવ હૃદયની રચનાત્મક અનુભૂતિની રાગાત્મક અભિવ્યક્તિ છે. તો વળી કાકાસાહેબ કાલેલકર જેવા સાહિત્યકાર નોંધે છે : લોકજીવનનાં અવ્યક્ત મનમાંથી અનાયાસે ઉદ્દભવતા મનોભાવોની લયાત્મક અભિવ્યક્તિ તે લોકગીત છે. સુપ્રસિદ્ધ સ્વર્ગીય વિદ્વાન વાસુદેવશરણ અગ્રવાલ લોકગીતોને કદાપિ ન સૂકાઈ જનારો સજીવન સ્રોત કહ્યો છે. આમ, લોકગીત એ સાહિત્યનું મૂળ ધન છે. લોકગીતનું સ્વરૂપ અને વિભાવના ઉપરથી લોકગીતની લાક્ષણિકતા નીચે મુજબ તારવી શકાય.

2. **લોકગીતની લાક્ષણિકતાઓ :**

લોકગીતના અભ્યાસમાંથી આપણને ખ્યાલ આવે છે કે લોકગીત લોકશિક્ષણનું અસરકારક માધ્યમ છે. આપણાં લોકગીતો એ માનવજાતિની અનુભવસમૃદ્ધિ છે, માનવહૃદયની વાંચ્છના અને આત્માના અભિલાષ છે. સૌંદર્યકણોના ફુવારા છે. એમાં આત્માનુભૂતિ અને એની અભિવ્યક્તિનાં તત્ત્વો પ્રધાનપણે રહેલાં છે. અજ્ઞાત કર્તૃત્વ એ લોકગીતનું મહત્ત્વનું લક્ષણ છે. તો વળી સામુહિક ભાવનું પ્રાગટીકરણ અને કંઠોપકંઠ વહેતું કળાસ્વરૂપ એ પણ લોકગીતની લાક્ષણિકતા છે. લોકસાહિત્ય સંશોધકોએ પણ લોકગીતની લાક્ષણિકતા વર્ણવી-બતાવી છે તે નીચે મુજબ છે :

''1. એના રચનાર બહુધા અજ્ઞાત હોય છે.
2. એ સહજ સ્ફુરિત છે.
3. એમાં યત્ન વિનાનું કલાવિધાન છે.
4. એમાં પ્રકૃતિનો મહિમા છે.
5. એમાં માનવહૃદયની ઊર્મિઓ છે.
6. એમાં અનેકમાં એક પ્રાણે પરોવાયેલા હૃદયનો ધબકાર છે.
7. એમાં વ્યક્તિત્વનો સર્વથા અભાવ છે.
8. એમાં શબ્દ, સ્વર અને ગતિ-તાનનો સમન્વય છે.
9. એમાં સમૂહને હૈયે ને સમૂહને કંઠે ચડે તેવી રચના છે. જેના સંસ્કાર અને સંવેદન સાર્વજનિક છે.

10. એ રચનામુક્ત પણ આંતરિક લયવાળી હોય છે.
11. જે કંઠોપકંઠ વહેતાં આવ્યાં છે અને વહેતાં આવે છે. મૂળમાં કોઈ સર્જક કે ગાયક હોય પછી એનું સંવેદન સામૂહિક ને સાર્વજનિક સ્વરૂપ પામે છે.''

**3. લોકગીતના પ્રકારો :**

લોકગીતના અસંખ્ય પ્રકારો જોવા મળે છે. એમાં હાલરડાં, બાળગીતો, વ્રત-જોડકણાં ગીતો, લગ્નગીતો, રાસ-રાસડાં, ગરબા-ગરબી જેવાં મંગળગીતો ઉપરાંત મરશિયા, રાજિયા, છાજિયા જેવાં વિલાયગીતો છે તો મુખ્યત્વે દુહા-છંદ, સોરઠા, ભજનો, સ્તવનો, પદો, પ્રભાતિયાં ઉપરાંત રામાવળા ને ચંદ્રાવળા વગેરે જેવા વિવિધ વિષયોનાં ગીતો છે.

**4. લોકગીતનું વર્ગીકરણ :**

ડૉ. સત્યેન્દ્રએ લોકગીતોના ક્ષેત્રની દૃષ્ટિએ જે વર્ગીકરણ કર્યું છે તે નીચે પ્રમાણે છે :

**1. નગરનાં લોકગીતો :**

(1) રીત-રિવાજનાં ગીતો
(2) સામૂહિક મનોરંજનનાં ગીતો

**2. ગામડાંનાં લોકગીતો :**

(1) કાર્યલક્ષી ગીતો
(2) મનોરંજન ગીતો
(3) તિથિલક્ષી ગીતો

**3. જંગલનાં લોકગીતો :**

(1) ઋતુલક્ષી ગીતો

'લોકગીત પ્રકાર સમૃદ્ધિ' નામક લેખમાં શ્રી કનુભાઈ જાની લોકગીતનું વિષયાનુસાર વર્ગીકરણ કરે છે, નીચે પ્રમાણે છે :

લોકજીવનની વ્યાપકતા કોઈ શાસ્ત્રોમાં બાંધી શકાયેલ નથી તેમ લોકગીતોની વ્યાપકતાને કોઈ ધર્મ, સમાજ, સાહિત્ય, સંસ્કૃતિ કે સંગીતના બધાં શાસ્ત્રો મળીને પણ બાંધી શક્યા નથી. આમ છતાં 'પહાડનું બાળક' તરીકે ઓળખાવનાર શ્રી ઝવેરચંદ મેઘાણીએ લોકગીતોનું સંપાદન તથા તેના સંશોધનનું એક મહત્ત્વનું કામ કરી આપ્યું છે. એમણે 'રઢિયાળી રાત'માં વિષયની દૃષ્ટિએ લોકગીતોનું વર્ગીકરણ કર્યું છે, તે જોઈએ :

**1. સંસ્કાર ગીત :**

જીવનચક્રનો આરંભ ગર્ભાધાન અને અંત મૃત્યુમાં છે. આથી ગર્ભાધાનથી શરૂ કરીને તે મૃત્યુપર્યંતના વ્યક્તિજીવનના જે મુખ્ય મુખ્ય તબક્કાઓ કૌટુંબિક જીવનમાં ઉત્સવ અને વિધિવિધાન સાથે ઉજવાય છે અને તે સમયે જે-જે રચનાઓ મળે છે એ સંસ્કારગીતો છે. અહીં સીમન્ત, જનોઈ, વિવાહ-લગ્ન અને અંત્યેષ્ટિ વગેરે પ્રસંગોનો સમાવેશ આ પ્રકારનાં ગીતોમાં થાય છે. આ ઉપરાંત દામ્પત્ય જીવન કે સાંસારિક સંબંધ સાથે જેનો સંબંધ છે, એવી રચનાઓ પણ સમાવિષ્ટ છે.

**Shikshan Sanshodhan** : Journal of Arts, Humanities and Social Sciences ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 7.384
Volume - 8, Issue - 4, April - 2025

**(અ) જન્મગીતો :**

બાળક એ મનુષ્યને ઈશ્વરે આપેલી અમૂલ્ય ભેટ છે. બાળકના જન્મની વધામણી મિષે આ પ્રકારનાં ગીતો ગવાય છે. સંતાનવિહોણી સ્ત્રી સૂર્યની પત્ની અને સંતાનની દેનારી મા રાંદલને ભક્તિભાવ અને શ્રદ્ધા દ્વારા પાર્થે છે. ત્યારે નીચેનાં ગીતો ગાવામાં આવે છે.

"લીપ્યું ને ગૂંપ્યું મારું આંગણું,
પગલીનો પાડનાર દ્યોને રન્નાદે !
વાંઝિયા-મેણાં માડી ! દોહ્યલાં,
પાણીડાં ભરીને ઊભી રહી
છેડાનો ઝાલનાર દ્યોને રન્નાદે-વાંઝિયા....."

અમુક પ્રકારની જ્ઞાતિમાં જ આ પ્રકારનાં ગીતો ગવાય છે. સાંપ્રતમાં તો હાલરડાં સ્વરૂપે જ ગવાય છે. હાલરડાં બાળવિકાસની દૃષ્ટિએ 'ટુટુ ટોક એન્ડ ફ્રોર ટુ વૉક' કહેવાય છે.

**(બ) લગ્નગીતો :**

લગ્નગીત એ લોકગીતોનું એક મહત્ત્વનું અંગ છે અને એમાં પણ ભારતીય લોકજીવનમાં લગ્નનું મહત્ત્વ અનેરું છે. લગ્નગીતોમાં આપણી સંસ્કૃતિનું પ્રતિબિંબ જોવા મળે છે. માનવજીવનનાં ષોડશસંસ્કારોમાંનાં મહત્ત્વનાં ત્રણ સંસ્કાર જન્મ, લગ્ન અને મૃત્યુ છે. એમાં પણ લગ્ન એ તો વિશેષપણે આનંદનો સંસ્કાર છે. એમાં દામ્પત્ય જીવનની મધુરતા, યુવા અવસ્થાના અરમાનો ઉપરાંત લગ્નજીવનનું માંગલ્ય પ્રગટે છે. અહીં તિથિ અર્થાત્ સંવતથી શરૂ કરીને દેવમાંગલ્ય, સગાવ્હાલાઓને નિમંત્રણ, કૌટુંબિક સ્નેહના આમ સર્વ પ્રસંગોનાં ગીતો જોવા મળે છે.

"કંકુ છાંટી કંકોતરી મોકલો....."
"મારા નખના પરવાળા જેવી ચૂંદડી
મારી ચૂંદડીનો રંગ રાતો હો લાડલી
ઓઢોને સાહેબજાદી ચૂંદડી."
"પહેલું પહેલું મંગળિયું વરતાય રે....."

**(ક) વિરહગીતો :**

વિરહની દશા એ પણ સંવેદનનું એક કારણ છે. મિલન ઝંખતા વ્યક્તિને મિલનની, મઝાનો ખ્યાલ ત્યારે જ આવે છે કે જ્યારે તેને વિરહમાં રહેવું પડે. વિરહભાવનું નિરૂપણ મધ્યકાળનાં ઘણાં સર્જકોએ કર્યું છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે 'વાયસિ ઉડાવન્તિ' જેવા દુહાઓમાં વિરહિણીના ભાવોનું નિરૂપણ કર્યું છે. તેવી જ રીતે લોકસાહિત્યમાં પણ આ ભાવને કેન્દ્રમાં રાખી રચાયેલા ઘણાં ગીતો મળે છે. જેમ કે –

"આભમાં ઝીણી ઝબૂકે વીજરી રે,
ઝીણા ઝરમર વરસે મેઘ,
ગુલાબી ! નહિ રે જાવા દઉં ચાકરી રે,
તમને વ્હાલી દરબારી ચાકરી રે,
અમને વ્હાલો તમારો જીવ, ગુલાબી....."

તો વળી પેલી બાજુ પતિ પણ વિરહમાં ઝૂરતો હોય અને તેને પ્રત્યુત્તર આપતાં જાણે કહેતો ન હોય કે –
“ગણજો ગણજો પીપરડીના પાન રે,
એટલે તે દહાડે આવશું રે બોલ.”

આમ, આવા નગર સ્ત્રીની વિરહદશા અને વ્યથાના સંવેદનોને અભિવ્યક્ત કરતાં અનેક ગીતોથી આપણું લોકસાહિત્ય અશ્રુભીનું બન્યું છે.

**(ડ) મૃત્યુગીતો :**

કાકાસાહેબ કાલેલકર મૃત્યુને મહોત્સવ તરીકે ઓળખાવે છે. આપણી લોકસંસ્કૃતિમાં મૃત્યુ વખતે મરશિયા ગાવાનો રિવાજ છે. મરશિયા સ્વજનનાં મૃત્યુ પ્રસંગે ગવાતાં શોક ભાવસભર કરુણ લોકગીતો છે. મૃત્યુગીતોમાં મરશિયા, છાજિયા, રાજિયા એવા પેટાપ્રકારો જોવા મળે છે. મરશિયા ગીતોમાં મૃત્યુ પામેલા વ્યક્તિને કેન્દ્રમાં રાખીને તેની સ્મૃતિ તાજી કરવામાં આવે છે. મોટાભાગે આવાં ગીતો સ્ત્રીઓ છાતી ફૂટતી, રુદન કરતાં કરતાં ગાય છે.

“એવો ઉગેને અવડાઈ ગિયો
મારા ઘરમાં બાળા સાદની તાણ પડી.”

બાળકનાં મૃત્યુ સમયે માતા આ પ્રકારનાં ગીતો ગાઈ વિલાપ કરે છે. મૃત્યુ વિષયક કરુણગીતો પ્રાચીન હોવા છતાં હૃદયસ્પર્શી-હૃદયદ્રાવક હોય છે.

**2. કાર્યલક્ષી ગીતો :**

જુદાં-જુદાં કાર્ય સંદર્ભે ગવાતાં ગીતોને કાર્યલક્ષી ગીતો કહે છે. આ ગીતોના બે વિભાગો છે.

**(અ) કૃષિકાર્ય સંબંધી ગીતો :**

(1) વાવણીનાં ગીતો
(2) રોપણીનાં ગીતો
(3) કાપણીનાં ગીતો
(4) કોશનાં ગીતો

**(બ) વ્યવસાય સંબંધી ગીતો :**

(1) ગૃહજીવન સંબંધી ગીતો
(2) બાહ્યજીવન સંબંધી ગીતો

કાર્યલક્ષી સંબંધી ગીતોમાં મોસમાનુસાર જુદાં-જુદાં પાકની કરવામાં આવતી રોપણી, લણણી-કાપણી વગેરેને અનુરૂપ ગીતો ગવાતાં હોય છે. સમયાનુસાર અને બદલાતાં સંદર્ભને કારણે દિનપ્રતિદિન આ પ્રકારના ગીતો નામશેષ થતાં જાય છે. તેમ છતાં હજી પણ જંગલ વિસ્તારનાં ઉંડાણનાં ગામડાંઓમાં ક્યાંક ક્યાંક આવાં ગીતો આપણને સાંભળવા અવશ્ય મળે છે.

ગૃહજીવન સંબંધી ગીતોનું ક્ષેત્ર ઘર પૂરતું હોય છે. એમાં ઘંટીગીતો, ખાંડણીગીતોનો સમાવેશ થાય છે. જ્યારે બાહ્ય જીવનને લગતાં ગીતોમાં દોરડાં બનાવતાં, ઈંટ-પથ્થર ઉંચકીને લાવતી વખતે ગવાતાં ગીતોનો સમાવેશ થાય છે. આ ગીતો ઘરની બહાર ગવાતાં હોય છે.

### 3. ઋતુગીતો :

ઋતુગીતોમાં જુદી-જુદી ઋતુઓ પ્રમાણે જુદાં-જુદાં ગીતો ગવાય છે. મધ્યકાળમાં આવા ગીતો વધુ જોવા મળે છે. બારમાસી, ફાગુ, વસંત વગેરે ઋતુગીતોનો અહીં સમાવેશ થાય છે. ઋતુગીતોમાં ધાર્મિકતા, શૃંગાર, વિરહભાવ તો વળી કોઈકવાર પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપો-લીલાઓનું આલેખન થયેલું જોવા મળે છે. આમ જઈએ તો બીજી બધી ઋતુઓની તુલનામાં વર્ષાઋતુને વધુ લાડ લડાવી હોય તેમ લાગે છે.

### 4. ઉત્સવગીતો :

ઉત્સવ એ ભારતીય પરંપરાનું અવિભાજ્ય અંગ છે. દુઃખ, વ્યથામાં ડૂબેલો માનવી ઉત્સવ આવતાની સાથે જ આનંદથી ઝૂમી ઊઠે છે. એટલું જ નહિ, નાના-મોટા, આબાલવૃદ્ધ સૌ પોતાનાં કંઠમાં સચવાયેલાં નામાંકિત ઉત્સવગીતો ગાઈ ઉઠે છે. આપણે ત્યાં મોટાભાગે ગામડાંમાં હોળી, દિવાળી, નવરાત્રી જેવા તહેવારોમાં ખાસ પ્રકારનાં ગીતો ગવાય છે. દક્ષિણ ગુજરાતમાં હોળીના ઉત્સવપ્રસંગે ઘેરૈયાઓની રાસ ગાવાની પ્રથા આજે પણ પ્રચલિત છે.

### 5. જાતિગીતો :

વિવિધતામાં એકતા ધરાવતાં ભારત દેશમાં જુદાં-જુદાં જાતિનાં લોકો પોતાનું કામ કરતી વખતે ગીતો ગાય છે. આ ગીતોમાં પોતાના વ્યવસાયનો ઉલ્લેખ પણ કરતાં હોય છે.

સાબરકાંઠા, પંચમહાલ, આહવા-ડાંગ પ્રદેશનાં ખમીરવંતા આદિવાસી પ્રજા પાસે આગવા કહી શકાય તેવાં જાતિગીતો મળે છે. શ્રી રમેશ પાઠકે 'પંચમહાલનાં આદિવાસી ગીતો' શ્રી ભગવાનદાસ પટેલે સાબરકાંઠાનાં ભીલી ગીતો – 'ભીલીસંપદા', જયાનંદ જોશી 'રાજનાં આદિવાસી છેલિયા' નામક ગીતસંગ્રહ પ્રગટ કર્યાં છે. એજ રીતે શ્રી શંકરભાઈ તડવી અને રેવાબેન તડવીએ વડોદરા જિલ્લાના રાઠવા આદિવાસી સમાજનાં લોકગીતો એકત્રિત કરવાનું કામ કર્યું છે.

### 6. ભક્તિગીતો અથવા ભજનો :

ભક્તિગીતો અથવા ભજનો પણ લોકગીતનો જ એક પ્રકાર છે. અહીં બે પ્રકાર જોવા મળે છે.

(1) સગુણ ભક્તિગીત

(2) નિર્ગુણ ભક્તિગીત

મધ્યકાળમાં ભક્તિગીતો વધુ રચાયેલાં જોવા મળે છે. તો વળી આ ગીતો પ્રાચીન પરંપરાથી પ્રભાવિત હોય છે.

### સંદર્ભસૂચિ :

1. લોકસાહિત્યવિમર્શ, લે. જયમલ્લ પરમાર, પૃ.22
2. એજન, પૃ.22
3. એજન, પૃ.21
4. એજન, પૃ.21
5. લોકસાહિત્યનું સમાલોચન, લે. ઝવેરચંદ મેઘાણી, પૃ.62
6. શૈલી અને સ્વરૂપ, લે. ઉમાશંકર જોશી, પૃ.126
7. શબ્દસૃષ્ટિ, એપ્રિલ-1998, પૃ.25

8. લોકસાહિત્યવિમર્શ, લે. જયમલ્લ પરમાર, પૃ.21
9. લોકગૂર્જરી અંક-17, સં. બળવંત જાની, પૃ.181
10. ગુજરાતી વિશ્વકોશ, ખંડ-19
11. The New Encyclopedia Britanica, Vol.4, Page-861
12. મેઘાણી અને લોકસાહિત્ય, લે.ડૉ. નલિન દેસાઈ, પૃ.35
13. ગુજરાતની લોકસંસ્કૃતિ, લે. હસુતાબેન સેદાણી, પૃ.95
14. મેઘાણી અને લોકસાહિત્ય, લે.ડૉ. નલિન દેસાઈ, પૃ.36
15. લોકસાહિત્યવ બોધ, લે. રમેશ ગાનાકર, પૃ.67
16. રાજસ્થાની સાહિત્યનો ઇતિહાસ, લે. પુરુષોત્તમ મનોરિયા, પૃ.148
17. લોકસાહિત્યવિમર્શ, લે. જયમલ્લ પરમાર, પૃ.33
18. ગુજરાતની લોકસંસ્કૃતિ, લે. હસુતાબેન સેદાણી, પૃ.97
19. લોકસાહિત્યવિમર્શ, લે. જયમલ્લ પરમાર, પૃ.47
20. લોકવાડમય : સ્વરૂપ સંદર્ભ, લે.ડૉ. રાજેશ મકવાણા, પૃ.36
21. ચંપાની કળીઓમાં કસ્તુરી, લે. અમૃત પટેલ, પૃ.35